# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૦૬–૦૪–૨૦૨૪                    સમય : સાંજે ૬.૨૫**

---

## મતદાર જાગૃતિ–SVEEP :

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં  SVEEP હેઠળ સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં મતદાન જાગૃતિ વિષયક પોસ્ટર નિર્માણ જેવી નવતર પ્રવૃત્તિના માધ્યમથી મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જિલ્લાના ભુજ , ગાંધીધામ, અંજાર, નખત્રાણા, માંડવી, રાપર સહિતના તમામ તાલુકા મથકો અને મોટા ગામોની શાળાઓ અને કોલેજો દ્વારા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે ચૂંટણી થીમ આધારિત પોસ્ટર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પોસ્ટર્સ સ્પર્ધામાં જિલ્લામાં લગભગ ૧૫૦ કરતા પણ વધુ શાળા કોલેજોએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પોસ્ટરની થીમ મતદાન જાગૃતિની રહી હતી. પોસ્ટર નિહાળી મતદાર મતદાન પ્રત્યે ઉત્સાહિત તેમજ જાગૃત બનશે એવી ભાવના વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

**કલ્પના શાહ**

---

## ઈવીએમ અને વીવીપેટ રેન્ડમાઈઝેશન :

**લોકસભા ચુટણી માટે કચ્છ સહિત રાજયમાં ત્રીજા તબકકમાં આગામી ૭મી મે ના રોજ મતદાન થવાનું છે. ત્યારે ૧૨મી એપ્રિલે જાહેરનામું પ્રસિધ્ધ થવાની સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો**

**પણ પ્રારંભ થશે. ૨૦મીએ ફોર્મ ચકાસણી અને ૨૨ મીએ ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ હોઈ તે બાદ રાજકીય પક્ષો દવારા ચુટણી પ્રચાર વેગવાન બનશે.ત્યારે વહીવટી તંત્ર દવારા ચુટણી અંગેની તૈયારીઓ ચાલી રહી છે.**

જે **અંતર્ગત** જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે **આજે** ઈવીએમ મશીનનું ફર્સ્ટ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશન ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન વિવિધ રાજકીયપક્ષોના પ્રતિનિધિઓએ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી. રાજકીય **પક્ષ**ના પ્રતિનિધિ ઓની હાજરીમાં જ ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને ફાઈનલાઈઝ કરવામાં આવી હતી.

જિલ્લાના અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ અને રાપર વિધાનસભા દીઠ પ્રથમ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. તાલીમ અને નિર્દેશનની ફાળવણી બાદ ઈવીએમ મેનેજમેન્ટ સોફ્ટવેરમાં કુલ ૨૭૬૬ બેલેટ યુનીટ , ૨૪૧૦ કન્ટ્રોલ યુનીટ અને ૨૬૨૪ વીવીપેટ ઉપલબ્ધ હતા. જેમાંથી ૨૩૦૫ બેલેટ યુનીટ , ૨૩૦૫ કન્ટ્રોલ યુનીટ અને ૨૪૮૮ વીવીપેટની ફાળવણી કરવામાં આવી છે.

**કલ્પના શાહ**

---

## સહકારી મંડળીઓ :

રાજ્ય સરકારના સહકાર વિભાગના ઇ.કો-ઓપરેટીવ પોર્ટલ ઉપર કચ્છ જિલ્લાની તમામ સહકારી મંડળીઓના ડેટા ઓનલાઇન કરવા અંગેની કામગીરી હાલ ચાલુમાં છે. જેથી જિલ્લાની તમામ સહકારી મંડળીઓના હોદેદારોએ , પ્રમુખ/મંત્રીનું નામ , મોબાઇલ નંબર ,ઇ-મેઇલ આઇ.ડી તથા છેલ્લા ઓડીટ રીપોર્ટની વિગતો **સત્વરે** શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ- કચ્છની કચેરીમાં રૂબરૂ રજૂ કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**કલ્પના શાહ**

---

## રાશનકાર્ડ ઈ–કેવાયસી :

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ નોંધાયેલા તમામ રાશનકાર્ડ ધારકોની ઈ–કેવાયસી કામગીરી ચાલી રહી છે.ત્યારે માયરેશન મોબાઈલ એપથી ઘરે બેઠાજ ફેઈસ ઓથેન્ટીકેશન આધારીત ઈ–કેવાયસી કરી શકાશે. આ પ્રક્રિયા સરળ છે અને લાભાર્થીઓ પોતાના સ્માર્ટ ફોનમાં આ એપ ડાઉનલોડ કરીને ઈ – કેવાયસી કરી શકશે. જેથી મામલતદાર કચેરીના ધકકાથી મુકિત મળશે.

અત્રે જણાવીએકે જિલ્લાની ૬૭૦થી વધુ સસ્તા અનાજની દુકાન દવારા દર મહિને જિલ્લાના બીપીએલ ઉપરાંત અંત્યોદયયોજના હેઠળ આવતા પરિવારોને રાશનકાર્ડ મારફતે સરકારી ધારા ધોરણ મુજબ અનાજ તેલ ખાંડ સહિતનો જથ્થો વિતરણ કરવામાં આવે છે.

કલ્પના શાહ

---

## વીજચોરી :

પશ્ચિમ કચ્છ પીજીવીસીએલના ૩ ડીવીઝન અને ૧૯ સબ ડીવીઝન હેઠળ આવતા શહેરી અને ગ્રામીણ વિસ્તારના ઘરેલુ–કોમર્શીયલ વીજ જોડાણની તપાસ કોર્પોરેટ વીજીલન્સ અને સ્થાનિક સર્કલના કર્મચારીઓની ટીમ દવારા તપાસ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

આ ઝુંબેશ દરમ્યાન ઝપાયેલી વીજ ચોરીના કિસ્સામાં વર્ષ ૨૦૨૩–૨૪ના નાણાંકીય વર્ષ દરમ્યાન ૨૮૮ કરોડ ૭૧ લાખ રૂપિયા વીજ તંત્રએ દંડ પેટે વસુલ્યા હતા.

કલ્પના શાહ

---

## ભાજપ સ્થાપના દિન :

ભારતીય જનતા પક્ષનો આજે સ્થાપના દિન છે. ત્યારે સમગ્ર દેશની સાથે રાજય અને જિલ્લાના ભાજપના કાર્યકરો અને આગેવાનો દવારા પોતાના ઘર પર ભાજપનો ધ્વજ લહેરાવીને ઉજવણી કરાઈ રહી છે. ૬ઠી એપ્રિલ ૧૯૮૦ના રોજ ભારતીય જનતા પક્ષની સ્થાપના કરવામાં આવી હતી.

ત્યારે બીજેપીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહ તેમજ બીજેપી અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ તેમના પક્ષના કાર્યકર્તાઓને ભાજપના 45મા સ્થાપના દિવસ પર શુભેચ્છા પાઠવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ભારતીય જનતા પાર્ટીના 45માં સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે પંડિત દિનદયાળ ઉપાધ્યાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**કલ્પના શાહ**

---

---